### રાજાશાહી સરકાર :

આ પ્રકારના શાસનમાં શાસક તરીકે કોઈ એક વ્યક્તિ શાસન કરે છે. મોટેભાગે રાજાશાહી વ્યવસ્થામાં શાસક એટલે કે રાજાનું પદ વારસામાં મળે છે. આ પ્રકારના શાસનમાં લોકોને પોતાનો શાસક ચૂંટવાનો અધિકાર હોતો નથી. આજે દુનિયાના કેટલાક દેશોમાં રાજાશાહી જોવા મળે છે. ક્યાંક રાજાશાહીમાં લોકોને ચૂંટણી દ્વારા નામ પૂરતા જોડવામાં આવે છે.

રાજાશાહી સરકાર માટે કહેવાય કે અહીં વ્યક્તિકેન્દ્રી શાસન હોય છે. એક વ્યક્તિ દ્વારા લેવાતા નિર્ણયો અહીં આખરી માનવામાં આવે છે. લોકોની સુખાકારી, સુવિધા કે વ્યવસ્થાને બદલે શાસકની સુખાકારી, સુવિધા કે વ્યવસ્થાને જ મહત્ત્વ આપવામાં આવે છે.

**પ્રવૃત્તિ**

- શિક્ષકશ્રી સાથે ચર્ચા કરી વિવિધ શાસનવ્યવસ્થા ધરાવતા દેશો નકશામાંથી શોધો.
- વિવિધ દેશના શાસકો અંગેની વિગતો એકઠી કરો અને 'શાસકઅંક'નું નિર્માણ કરો.

### લોકશાહીનાં મૂલ્યો



15.2 મતદારનું ચિત્ર

આપણે જોયું કે સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ શાસન થાય છે. લોકોના જીવનધોરણને ઊંચું લાવવા અને તેમની સુખાકારી માટે લોકશાહી શાસન-વ્યવસ્થા કાર્ય કરે છે. લોકોને કેન્દ્રમાં રાખી જરૂરિયાત અને ભાવિ આયોજનો કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવે છે. લોકો પોતાની તરફેણમાં મતદાન કરે તે માટે લોકશાહી શાસકો સરકારનું સંચાલન કરે છે. લોકોની સુખાકારી, સુવિધા અને વિકાસને મહત્ત્વ આપી બંધારણને આધારે લોકશાહીનાં મૂલ્યોનું જતન કરવામાં આવે છે. સૌને સમાનતા, સુરક્ષા અને સુવિધા માટે લોકશાહીનાં મૂલ્યોને ધ્યાનમાં રાખી આયોજનો અને યોજનાઓ અમલી કરી લોકશાહીનાં મૂલ્યોનું જતન થાય તે માટે કાર્ય થાય તે જરૂરી છે.



15.3 ન્યાયની દેવી

### સરકાર અને કાયદો

સરકારનું કામ કાયદા બનાવવાનું છે. આ કાયદા સૌએ માન્ય રાખવા પડે. સરકારને કામ કરવા માટે વિવિધ કાયદા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સરકાર જોડે કાયદાના અમલ સાથે તેમાં સુધારો કરવાની પણ સત્તા હોય છે. સરકારના કાયદાને લોકો પડકારી પણ શકે છે. પોતાના અધિકારો અને થયેલ અન્યાય સામે લોકો અદાલતોનો સહયોગ મેળવી શકાય છે. સરકારના કાયદા કે કાર્યવાહી સંદર્ભે લોકોને લાગે કે તેનું યોગ્ય રીતે અમલીકરણ થતું નથી ત્યારે તેઓ પોતાનો અવાજ અદાલતમાં રજૂ કરે છે. જરૂર જણાય ત્યાં અદાલત સરકારને વિવિધ મુદ્દાઓ માટે સૂચન કે આદેશ કરી શકે છે.

**પ્રવૃત્તિ**

- શિક્ષકશ્રી પાસેથી અદાલતનાં કાર્યો વિશે જાણકારી મેળવી ચર્ચા કરો.
- દૈનિકપત્રો કે સામયિકોમાંથી સરકારને અદાલતે આપેલાં સૂચન કે આદેશને લગતા સમાચાર શોધી એકઠા કરો.

K3K1H4

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) સરકારની જરૂર શા માટે છે ?

(2) સરકારના મુખ્ય પ્રકાર કેટલા અને કયા-કયા છે ?

(3) દુનિયામાં સરકારના મુખ્યત્વે કેટલા પ્રકાર જોવા મળે છે ?

(4) આપણા દેશમાં કયા પ્રકારની શાસનવ્યવસ્થા જોવા મળે છે ?

**2. યોગ્ય જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) રાજ્ય સરકાર | (a) એક જ વ્યક્તિ શાસન કરે છે. |
| (2) સ્થાનિક સરકાર | (b) સમગ્ર દેશમાં કાર્યભાર સંભાળે છે. |
| (3) રાષ્ટ્રીય સરકાર | (c) ગામ કે શહેર માટે કાર્યભાર સંભાળે છે. |
| (4) રાજાશાહી સરકાર | (d) સમગ્ર રાજ્યમાં કાર્યભાર સંભાળે છે. |

**3. યોગ્ય કારણ આપો :**

(1) લોકશાહીમાં લોકોને કેન્દ્રસ્થાને મનાય છે.

(2) લોકોના અધિકારો રાજાશાહીમાં જળવાતા નથી.

(3) સરકાર કાયદામાં ફેરફાર કરે છે.

**4. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) લોકશાહીમાં લોકોના હાથમાં સત્તા છે.

(2) રાજાશાહી શાસક ચૂંટણી વગર પસંદ થાય છે.

(3) અદાલત સરકારને વિવિધ મુદ્દાઓ માટે સૂચન કે આદેશ કરી શકે છે.


# 16 સ્થાનિક સરકાર

R7S5A1

આપણી સરકાર, સરકારના પ્રકાર અને સરકારના સ્તર વિશે તમે જાણો છો. હવે આપણે આપણા વિસ્તારની સ્થાનિક સરકાર વિશે અભ્યાસ કરીએ. વિદ્યાર્થી મિત્રો, અહીં આપને નીચે એક ફકરો આપેલ છે. જેમાં તમારા વિસ્તાર પ્રમાણે જે બાબત લાગુ ન પડતી હોય તેના પર લીટી દોરીને તે મુજબ આપેલ ખાલી જગ્યામાં સાચી વિગત લખો.

હું ............................ ગામ/શહેરમાં રહું છું. મારા ગામ/શહેરમાં ગ્રામપંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકા આવેલી છે. જેના વડા સરપંચ/પ્રમુખ/મેયરનું નામ ............................................................................... છે.

તમે આ વિગતો ભરી તેના પરથી ખ્યાલ આવી ગયો કે, તમે કોઈ ગામ/શહેરમાં રહો છો. તમે તમારા વિસ્તારના સ્થાનિક વહીવટીતંત્રથી માહિતગાર છો. સ્થાનિક વહીવટીતંત્ર કેવી રીતે કાર્ય કરે છે તેના વિશે વિશેષ અભ્યાસ કરીએ.





## પંચાયતીરાજ

આપણે પંચાયતીરાજનું ત્રણ સ્તરનું માળખું સ્વીકારેલ છે :

(1) ગ્રામ કક્ષાએ ગ્રામપંચાયત

(2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત

(3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત




**16.1 સ્થાનિક સરકાર**

સ્થાનિક કક્ષાએ લોકો મત આપીને પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે અને તેમના દ્વારા જ વહીવટ થાય તેને સ્થાનિક સ્વરાજ્ય કહે છે. આ સંસ્થાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહેવામાં આવે છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે. નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે.

**જાણવા જેવું**

- ભારતમાં પંચાયતીરાજની શરૂઆત રાજસ્થાનના નાગોર જિલ્લાના બગાદરા ગામથી 2 ઑક્ટોબર, 1959થી થઈ. ગુજરાતમાં 1 એપ્રિલ, 1963થી પંચાયતીરાજનો અમલ શરૂ થયો.

વિદ્યાર્થીમિત્રો, ચિત્ર 16.2માં તમે જોઈ શકો છો કે, ગ્રામપંચાયતના પાયા પર આપણી બધી જ સરકારો ટકેલી છે. ગ્રામપંચાયતથી ઉપર તાલુકા પંચાયત અને તેનાથી ઉપર જિલ્લા પંચાયત આવેલ છે. ત્યાર પછી રાજ્યની સરકાર જે રાજ્યનો વહીવટ સંભાળે છે. ગુજરાત રાજ્યનો વહીવટ ગુજરાત સરકાર સંભાળે છે. આપણા દેશનો વહીવટ કેન્દ્ર સરકાર ચલાવે છે. આમ, આ બધાના મૂળમાં તો ગ્રામપંચાયત જ છે. પંચાયતીરાજ્યમાં સૌથી મહત્ત્વનું એકમ ગ્રામપંચાયત છે.




**16.2 સરકારનું વિકાસ માળખું**

## ગ્રામીણ પ્રશાસન

P7R5A5

### ગ્રામપંચાયત :

**રચના :** સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સૌથી પાયાનું એકમ ગ્રામપંચાયત છે. 500 થી 25,000 સુધીની વસતી ધરાવતાં ગામમાં ગ્રામપંચાયતની રચના કરવામાં આવે છે. ગ્રામપંચાયતમાં ઓછામાં ઓછા 8 અને વસતીના આધારે વધુમાં વધુ 16 ચૂંટાયેલા સભ્યો હોય છે. ગ્રામપંચાયતના વડાને સરપંચ કહે છે. દર પાંચ વર્ષે ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચની ચૂંટણી થાય છે. ગામના મતદારો પ્રત્યક્ષ રીતે મત આપીને સરપંચને ચૂંટે છે. વોર્ડના સભ્યને જે તે વોર્ડના મતદારો ચૂંટે છે. ગ્રામપંચાયતની ચૂંટણી કોઈપણ રાજકીય પક્ષ દ્વારા કે કોઈ રાજકીય પક્ષના પ્રતીક પર લડાતી નથી.

**વહીવટ :**



**16.3 ગ્રામપંચાયત**

ગ્રામપંચાયતના સરપંચ અને સભ્યો મળીને ગામના વિકાસનાં કામો અંગે ઠરાવો કરીને ગામના વિકાસનાં કામો નક્કી કરે છે. સરકાર તરફથી તલાટી-કમ-મંત્રીની નિમણૂક કરવામાં આવે છે. તે વહીવટીકાર્ય સંભાળે છે. કરવેરાની વસૂલાત કરે છે. ગ્રામપંચાયતના અહેવાલ, પત્રકો અને અંદાજપત્ર તૈયાર કરી તેના હિસાબો રાખવાનું કામ કરે છે. ગ્રામપંચાયતના કાર્યાલયને 'ગ્રામ સચિવાલય' પણ કહેવામાં આવે છે.

**ગ્રામપંચાયતની આવકનાં સાધનો :**

- પાણીવેરો, સફાઈવેરો, મિલકતવેરો, દુકાનવેરો
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી મળતું અનુદાન

**કાર્યો :**

- ઘર નંબર આપવા.
- ઘરવપરાશ અને પીવાના પાણીની વ્યવસ્થા
- ગામના રોડ-રસ્તા બનાવવા
- ગામના રસ્તાની સફાઈ અને ગંદા પાણીનો નિકાલ
- જાહેર મિલકતની જાળવણી
- ગામમાં આરોગ્યવિષયક જાળવણી
- ગામમાં દીવાબત્તી (લાઇટ)ની વ્યવસ્થા
- ગામમાં પ્રાથમિક શિક્ષણ સહિત શિક્ષણ સુવિધા, જાગ્રતિ અને ફેલાવો
- ગ્રામવિકાસનું આયોજન
- ગામનાં ખેતરોના પાકની સંભાળ અને ગૌચરની જાળવણી
- જમીન દફતરની જાળવણી
- જન્મ-મરણનું રજિસ્ટર નિભાવવું.

### ગ્રામસભા

સામાન્ય ભાષામાં કહીએ તો ગ્રામસભા એટલે ગામના લોકોને ભેગા કરવા. ગ્રામસભા એ ગામની ધારાસભા જેવી છે. ગામમાં રહેતા પુખ્ત વયના બધા જ સભ્યો ગ્રામસભાના સભ્ય ગણાય છે. તેને ગ્રામસભામાં હાજર રહેવાનો, મત આપવાનો કે કોઈપણ દરખાસ્ત કરવાનો અધિકાર છે.

ગ્રામપંચાયતે વર્ષમાં ઓછામાં ઓછું બે વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે. ગ્રામસભાના અધ્યક્ષ સરપંચ હોય છે. અગાઉથી જાણ કરીને ગ્રામસભાની બેઠક બોલાવવામાં આવે છે. જેમાં તાલુકા અને



**16.4 ગ્રામસભા**

જિલ્લા કક્ષાએથી અધિકારીઓ હાજર રહે છે તેમજ ગામમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ પણ હાજર રહે છે.

ગ્રામપંચાયતે કરવાના વિકાસનાં કામોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે. ગામના પ્રશ્નો જેવા કે ગામના રસ્તાઓ, પીવાના પાણીની સમસ્યા, ગ્રામસફાઈ, લાઇટની સુવિધા, શિક્ષણ અને આરોગ્યની સુવિધા વગેરેની ચર્ચા થાય છે.

ગ્રામસભાના દરેક સભ્યે જાગ્રત રહીને ગ્રામસભામાં અવશ્ય હાજરી આપવી જોઈએ. ગામના પ્રશ્નો અને વિકાસનાં કામોની ચર્ચા થવી જોઈએ તો જ ગામને પારદર્શક વહીવટ મળશે અને ગ્રામસભાનો ઉદ્દેશ સફળ થશે.

**પ્રવૃત્તિ**

સરપંચ અને તલાટી-કમ-મંત્રીની મુલાકાત લો અને નીચે મુજબની માહિતી એકઠી કરો :

- તમારા ગામની વસતી અને ગામનાં સ્ત્રી-પુરુષ મતદારોની સંખ્યા
- તમારા ગામમાં કુલ કેટલા વૉર્ડ છે ? કેટલા સભ્યો છે ? મહિલા સભ્યોની યાદી બનાવો.
- તમારા ગામની ગ્રામપંચાયત દ્વારા કરેલાં વિકાસનાં કાર્યોની યાદી તૈયાર કરો.

**જાણવા જેવું**

**સમરસ ગ્રામપંચાયત**

ગ્રામપંચાયતની રચના ચૂંટણી વિના સર્વસંમતિથી વિના વિરોધે થાય તેવી ગ્રામપંચાયતને સમરસ ગ્રામપંચાયત કહે છે. ગામમાં સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતા જળવાઈ રહે તે રીતે સ્થાનિક પ્રજા વિકાસમાં ભાગ લે તે હેતુથી ગુજરાત રાજ્યમાં ઑક્ટોબર, 2001માં પંચાયત ગ્રામ, ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી.

ગ્રામપંચાયતની ચૂંટણી બિનહરીફ થાય તો સરકાર દ્વારા ગામના વિકાસ માટે ખાસ અનુદાન ફાળવવામાં આવે છે. આ અનુદાનનો ઉપયોગ ગ્રામસભા નક્કી કરે તે મુજબના વિકાસનાં કામો માટે કરવામાં આવે છે. જો ગ્રામપંચાયત મહિલા સમરસ બને એટલે કે સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ બિનહરીફ ચૂંટાય તો ખાસ અનુદાન ફાળવવામાં આવે છે. પ્રથમ વખત, બીજી વખત, ત્રીજી વખત અને સતત ચોથી વખત સમરસ ગ્રામપંચાયત થાય તો વિકાસનાં કામો માટે વિશેષ અનુદાન સરકાર ફાળવે છે. ગ્રામપંચાયતની ચૂંટણીઓના કારણે ગામમાં મનદુઃખ ન થાય, વેરઝેર ન સર્જાય તે માટે સરકાર દ્વારા આ યોજના જાહેર કરેલ છે.

## તાલુકા પંચાયત

સ્થાનિક સરકારમાં ગ્રામપંચાયત પછીનું બીજું સ્તર તાલુકા પંચાયત છે.

**રચના :** તાલુકા પંચાયતની બેઠકો તાલુકાની વસતીના પ્રમાણે નક્કી થાય છે. તાલુકા પંચાયતમાં ઓછામાં ઓછા 16 અને વધુમાં વધુ 32 સભ્યો ચૂંટાયેલા હોય છે. જેમાં મહિલાઓ માટે 50 % બેઠકો અનામત રાખવામાં આવે છે. આ બેઠકના મતદારો તાલુકા પંચાયતના સભ્યોને ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યોમાંથી બહુમતીથી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થાય છે. તેમજ આ ચૂંટાયેલા સભ્યોમાંથી જ કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે.

**વહીવટ :** તાલુકા પંચાયતના વહીવટી વડાને તાલુકા વિકાસ અધિકારી (T.D.O. - Taluka Development Officer) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. તે તાલુકા પંચાયતના ઠરાવોનો અમલ કરાવે છે. તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓ પર દેખરેખ રાખે છે. તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) પણ તેઓ તૈયાર કરે છે.

**કાર્યો :**

- તાલુકામાં સ્વાસ્થ્ય અને આરોગ્યવિષયક સેવાઓ પૂરી પાડવી.
- રોગચાળા નિયંત્રણની કામગીરી કરવી.
- ગ્રામ્ય માર્ગો બનાવવા તથા જાળવણી કરવી.
- પ્રાથમિક શાળાઓની સ્થાપના અને સંચાલન કરવું.
- તાલુકા કક્ષાએ ખેતીવાડી સુધારણા અને આયોજન કરવું.
- સ્ત્રી કલ્યાણ, યુવક પ્રવૃત્તિઓ, સામાજિક વિકાસ અને સહાય પૂરી પાડવી.
- પૂર, આગ, અકસ્માત વગેરે આકસ્મિક સંજોગોમાં મદદ

**જાણવા જેવું**

**તીર્થગ્રામ યોજના :**

ગુજરાતમાં તીર્થગ્રામ યોજનાની શરૂઆત 21 જુલાઈ, 2004-05થી અમલમાં આવી. આ યોજનામાં પસંદ થયેલ ગામને અનુદાન રાજ્ય સરકાર ફાળવે છે. જે માટે...

- છેલ્લાં પાંચ વર્ષમાં ગામમાં કોઈ પણ પ્રકારનો ગુનો નોંધાયેલ ન હોવો જોઈએ.
- માદક કે કેફી દ્રવ્યોનું ઉત્પાદન, વેચાણ કે સેવન થતું ન હોવું જોઈએ.
- ગામમાં સ્વચ્છતા જળવાવી જોઈએ.
- કન્યા-કેળવણીનો ઊંચો દર અને અપવ્યયનો નીચો દર હોવો જોઈએ.
- આ ઉપરાંત અન્ય માપદંડોના આધારે તીર્થગામ પસંદ કરવામાં આવે છે. જેનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્ભાવના વધે, એકતા જળવાય અને ભાઈચારાની ભાવના વધે તે છે.

**પાવનગ્રામ યોજના :**

તીર્થગ્રામ યોજનાની જેમ જ છેલ્લાં ત્રણ વર્ષમાં ગામમાં કોઈ ગુનો નોંધાયેલ ન હોય તેવા ગામને પાવન ગામ તરીકે પસંદ કરીને રૂપિયા એક લાખ સુધીનું અનુદાન સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. શું તમારું ગામ પણ આ યોજનામાં પસંદ થાય તો તમને ગમે ? અને એ માટે ગામલોકોએ શું કરવું પડે ?

**પ્રવૃત્તિ**

- તમારા તાલુકાની તાલુકા પંચાયત કચેરીની મુલાકાત લેવી.
- તમારા તાલુકાના તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી (T.D.O.)નાં નામ લખો.
- તમારા વિસ્તારના તાલુકા પંચાયતના સભ્ય સાથે તાલુકા પંચાયતની રચના અને કામગીરી અંગે ચર્ચા કરો.

## જિલ્લા પંચાયત

સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર જિલ્લા પંચાયત છે. ત્રિ-સ્તરીય પંચાયતીરાજમાં સૌથી ઉપરનું સ્તર છે.

**રચના :** જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 32 અને વધુમાં વધુ 52 હોય છે. જિલ્લાની વસતીના આધારે જિલ્લા પંચાયતની બેઠક નક્કી થાય છે. જેમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. જે-તે બેઠક વિસ્તારના મતદારો પોતાના સભ્યને ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યો બહુમતીથી પ્રમુખ અને ઉપપ્રમુખને ચૂંટે છે. તેમજ આ ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે. જિલ્લા પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે.

**વહીવટ :** જિલ્લા પંચાયતના વહીવટી વડાને જિલ્લા વિકાસ અધિકારી (D.D.O. - District Development Officer) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. રાજ્ય સરકારની યોજનાઓનું સંકલન અને અમલ જિલ્લા પંચાયત કરે છે.

**કાર્યો :**

- જિલ્લા પંચાયત, ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતની પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને સહાયનું કાર્ય કરે છે.
- રાજ્ય સરકારની મહેસૂલ, શિક્ષણ, સહકાર, સિંચાઈ, પશુ સંવર્ધન, કૃષિ વગેરે પ્રવૃત્તિઓનું જિલ્લા કક્ષાએ સંચાલન અને નિયંત્રણ કરે છે.

જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર વગેરે અધિકારીઓ જિલ્લા પંચાયતનાં કાર્યો સંભાળે છે.

**પ્રવૃત્તિ**

- તમારા જિલ્લાની જિલ્લા પંચાયત કચેરીની મુલાકાત લેવી.
- તમારા જિલ્લાના જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી (D.D.O.)નાં નામ લખો.
- તમારા વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્યનું નામ લખો.

## સામાજિક ન્યાય સમિતિ



**16.5 સામાજિક ન્યાય સમિતિ**

સમાજના નબળા વર્ગોને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક-આર્થિક સગવડ મળી રહે તેવી યોજનાઓ ઘડવી અને તેનો અમલ કરવાનું કામ સામાજિક ન્યાય સમિતિનું છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કક્ષાએ આ સમિતિ પાંચ સભ્યોની બનેલી હોય છે. પંચાયતીરાજમાં ત્રણેય સ્તરોએ સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિનું કાર્ય નબળા વર્ગોને ન્યાય આપવાનું છે.

### શહેરી પ્રશાસન

H1J3S1

આપણા દેશનાં એક લાખ કે તેથી વધુ વસતી ધરાવતાં શહેરોમાં નગરપાલિકા તથા પાંચ લાખ કે તેથી વધુ વસતી ધરાવતાં શહેરોમાં મહાનગરપાલિકા એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. વસતીના આધારે આ વિસ્તારો નક્કી કરવામાં આવે છે. જેમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે ચૂંટણીઓ કરવામાં આવે છે. શહેરના મતાધિકાર ધરાવતાં તમામ મતદારો ચૂંટણીમાં ભાગ લઈ શકે છે.

### નગરપાલિકા

સામાન્ય રીતે પચીસ હજારથી વધુ વસતીવાળાં શહેરોમાં નગરપાલિકા હોય છે. નગરપાલિકાની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 28 હોય છે.

**રચના :** નગરપાલિકા વિસ્તારને વસતીના આધારે વિવિધ વોર્ડમાં વહેંચવામાં આવે છે. એક વોર્ડમાં 4 સભ્યો હોય છે. જેમાંથી 50 % મહિલા અનામત સભ્યો હોય છે. જેમાંથી ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરવામાં આવે છે. પ્રમુખ એ ચૂંટાયેલા વડા છે. તેમનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. તેઓ નગરપાલિકાનું અધ્યક્ષ પદ સંભાળે છે.

**વહીવટ :** ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે. જેમાં કારોબારી સમિતિ, નાણાં સમિતિ, આરોગ્ય અને સફાઈ સમિતિ, બાંધકામ સમિતિ વગેરે ઉપરાંત જરૂર મુજબની અન્ય સમિતિઓ રચવામાં આવે છે. નગરપાલિકાના વહીવટી વડા ચીફ ઑફિસર ગણાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

**કાર્યો :** નગરપાલિકા દ્વારા નગરજનોની સુવિધા માટે નીચે મુજબનાં કાર્યો હાથ ધરવામાં આવે છે :

- પાણીપુરવઠાની વ્યવસ્થા
- રસ્તા, ગંદા પાણીનો નિકાલ, સફાઈની વ્યવસ્થા
- જન્મમરણ અને લગ્નની નોંધણીની કામગીરી
- નગરનિયોજન અને શિક્ષણની વ્યવસ્થા
- અગ્નિશમન, અખાદ્યપદાર્થોના વેચાણ સામે કાર્યવાહી
- બગીચા, પુસ્તકાલયો વગેરે સુવિધાઓ આપવાનું
- સાંસ્કૃતિક ભવનો કે સભાગૃહનું નિર્માણ અને સારસંભાળ

**પ્રવૃત્તિ**

- શહેરી વિસ્તારમાં આવેલી નગરપાલિકાની કચેરીની મુલાકાત લો.
- નગરપાલિકાના પ્રમુખે કઈ કામગીરી કરવાની હોય તેની માહિતી મેળવો.
- તમે નગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો તમારા વોર્ડના સભ્યોનાં નામ લખો.

## મહાનગરપાલિકા

મહાનગરપાલિકામાં સભ્યસંખ્યા વસતીના આધારે નક્કી કરવામાં આવે છે. મહાનગરપાલિકાના સભ્યને કૉર્પોરેટર (કાઉન્સિલર) તરીકે ઓળખવામાં આવે છે. મહાનગરપાલિકાના વડાને મેયર કહેવામાં આવે છે. ગુજરાતમાં આઠ મહાનગરપાલિકાઓ છે.

**રચના :** મહાનગરપાલિકાને વિવિધ વોર્ડમાં વહેંચવામાં આવે છે. 75,000ની વસતીએ એક વોર્ડ બનાવવામાં આવે છે. જેમાં 4 સભ્યો હોય છે, તેમાંથી 50 % મહિલા અનામત સભ્યો હોય છે. શહેરના મતાધિકાર ધરાવતા તમામ મતદારો ચૂંટણીમાં મતદાન કરી શકે છે અને પોતાના વિસ્તારના કૉર્પોરેટરને ચૂંટે છે. વિવિધ વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યો બહુમતીથી પોતાનામાંથી મેયર ચૂંટી કાઢે છે. મેયર પોતાના હોદ્દા પર અઢી વર્ષ માટે રહે છે.

**વહીવટ :** ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે. જેમાં કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સૌથી વધારે મહત્ત્વની છે. મહાનગરપાલિકાના વહીવટી વડા મ્યુનિસિપલ કમિશનર ગણાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

**કાર્યો :** શહેરી વિસ્તારમાં વસતી વધારે હોય છે. આથી નાગરિકોની સુખાકારી અને શહેરના વિકાસ માટે વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરવાની હોય છે.

- જાહેર સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી
- પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા અને વિતરણ
- ગટરવ્યવસ્થા, સાફસફાઈ અને ગંદા કચરાનો નિકાલ
- રસ્તાઓ બનાવવા અને જાળવણી કરવી
- રસ્તા પર લાઇટની વ્યવસ્થા કરવી
- પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા
- પુસ્તકાલય, ક્રીડાંગણો અને બાગબગીચા બનાવવા
- ખાદ્યસામગ્રીમાં થતી ભેળસેળ અટકાવવી
- જન્મમરણ અને લગ્નની નોંધણી કરવી.

**પ્રવૃત્તિ**

- ગુજરાત રાજ્યમાં આવેલ મહાનગરપાલિકાઓની યાદી તૈયાર કરો.
- તમારા વિસ્તારની કે નજીકની મહાનગરપાલિકાની વેબસાઇટની મુલાકાત લો. તેમાં નાગરિકોની સુવિધા માટે કઈકઈ કામગીરી ઑનલાઇન થાય છે તેની માહિતી મેળવો.

## કલેક્ટર

કલેક્ટર જિલ્લાના વહીવટી વડા છે. તેઓ કલેક્ટર ઉપરાંત જિલ્લા ન્યાયાધીશ (District Magistrate) અને જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેની કામગીરી પણ કરે છે. તેઓની પસંદગી કેન્દ્રીય જાહેર સેવા આયોગ (U.P.S.C. - Union Public Service Commission) દ્વારા કે બઢતીથી થાય છે. તેમને રાજ્ય સરકાર નિમણૂક આપે છે. તેઓ

જિલ્લામાં વહીવટી વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરે છે. જિલ્લામાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની અછત ન સર્જાય તે નિશ્ચિત કરવાનું કાર્ય કલેક્ટરનું હોય છે.

**પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા મહત્ત્વની છે.**

- જિલ્લા સ્તરે તમામ વિભાગોનાં કામોનું સંકલન અને સંચાલન કરે છે.
- સમગ્ર જિલ્લાના વિકાસ માટે બનેલી જિલ્લા આયોજન સમિતિના સચિવ કલેક્ટર હોય છે.
- તેઓ ગ્રામપંચાયતની સભ્ય સંખ્યા નક્કી કરે છે. ગ્રામપંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી કરે છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો તથા મહિલાઓ માટે સરપંચનો હોદ્દો અનામત રાખવાનો નિર્ણય કરે છે.

**શિક્ષક-પ્રવૃત્તિ**

- કેન્દ્રીય જાહેર સેવા આયોગ (U.P.S.C.) દ્વારા લેવાતી પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું. IAS, IPS, IFS અંગે માહિતી આપવી. જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા આઇ.એ.એસ. કક્ષાના અને આઇ.પી.એસ. કક્ષાના અધિકારીઓનાં નામ જણાવવા. ગુજરાત જાહેર સેવા આયોગ (G.P.S.C.) દ્વારા લેવાતી જાહેર પરીક્ષા અંગે માહિતી આપવી.

### મામલતદાર

મામલતદાર એ તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે. તેઓની પસંદગી રાજ્ય જાહેર સેવા આયોગ (ગુજરાતમાં જી.પી.એસ.સી.) દ્વારા લેવાતી પરીક્ષા દ્વારા કે બઢતીથી થાય છે. મામલતદાર સરેરાશ 50 કે તેથી વધુ ગામોના સમૂહના બનેલા તાલુકાના મહેસૂલી વડા છે. તાલુકા ન્યાયાધીશ (Executive Magistrate) તરીકે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે કલેક્ટરને સીધી રીતે જવાબદાર છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાર યાદી તૈયાર કરાવવી, ચૂંટણીઓ યોજવી, વિવિધ પ્રકારના દાખલા અને પ્રમાણપત્રો આપવા, મધ્યાહ્નભોજન યોજનાનું સંચાલન તથા નિયંત્રણનું કાર્ય, કુદરતી આપત્તિઓ સમયે રાહત-બચાવની કામગીરી વગેરે કાર્યો કરે છે.

### લોકઅદાલત

ગરીબ અને સામાજિક રીતે પછાત વર્ગના લોકો, કુદરતી આપત્તિનો ભોગ બનનાર વ્યક્તિ, ઓછી આવક ધરાવનાર વ્યક્તિ કોઈપણ કારણોથી ન્યાય મેળવવામાં વંચિત ન રહે તે માટે લોકઅદાલતો સ્થાપવામાં આવે છે. બંને પક્ષો સંમત હોય તેમને લોકઅદાલતમાં બોલાવવામાં આવે છે. લોકઅદાલત એ તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ છે. ‘કોઈની ન હાર કોઈની ન જીત’ એ રીતે લાંબા સમયથી મુદતો પડતી હોય એવા કેસોનો નિકાલ થાય છે. તેમાં કેસ મૂકવા માટે પક્ષકારોને કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી. કોર્ટ કચેરીમાં લાંબા સમયથી પડતર રહેલા કેસોનો બંને પક્ષોને સંતોષકારક અને સમાધાનકારી રીતે ન્યાય મળે છે. વારંવાર મુદતે-મુદતે ધક્કા ખાતા પક્ષકારો, સાક્ષીઓ વગેરેને પડતી મુશ્કેલીઓમાંથી લોકઅદાલત મુક્ત કરે છે.

સમાધાન સમજૂતી શક્ય ન બને તો લોકઅદાલત દ્વારા કેસો હાથ પર લઈને નિર્ણય આપે છે જે તમામ પક્ષકારોને માન્ય રહે છે. લોકઅદાલતનો હુકમ અંતિમ રહે છે. લોકઅદાલતથી વિવાદનો અંત આવે છે. બંને પક્ષોને

ન્યાય મળે છે અને પરસ્પર ઝઘડતા માણસો વચ્ચે સમાધાન થાય છે. નાણાં અને સમયનો બચાવ થાય છે. ગુજરાત કાનૂનીસેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં કાયમી લોકઅદાલતની સ્થાપના કરવામાં આવેલ છે. કાયમી લોકઅદાલતમાં કેસ દાખલ કરવા માટે અથવા કોઈ કાર્યવાહી કરવા માટે કોર્ટ ફી ભરવાની રહેતી નથી.

I7Z2B8

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) આપણે પંચાયતીરાજ્યનું ......... સ્તરનું માળખું સ્વીકારેલ છે.

(2) ગ્રામપંચાયતનો વહીવટ કરવા સરકાર તરફથી ......... ની નિમણૂક કરવામાં આવે છે.

(3) તાલુકાના વહીવટી વડાને ......... કહે છે.

(4) સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર ......... પંચાયત છે.

(5) ગ્રામપંચાયત વિસ્તારમાં વર્ષમાં ઓછામાં ઓછું ......... વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે.

**2. ટૂંકમાં ઉત્તર લખો :**

(1) મામલતદાર કઈ કક્ષાના વહીવટી અધિકારી છે ?

(2) જિલ્લાના વહીવટી વડા કોણ હોય છે ?

(3) મહાનગરપાલિકાના વહીવટી વડા કોને ગણવામાં આવે છે ?

(4) મહાનગરપાલિકામાં કેટલા ટકા મહિલા અનામત સભ્યો હોય છે.

(5) મેયર પોતાના હોદ્દા પર કેટલી મુદ્દત માટે રહી શકે છે ?

**3. ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ગ્રામપંચાયતનાં કાર્યો જણાવો.

(2) સ્થાનિક સરકાર એટલે શું ? સમજાવો.

(3) તલાટી કમ-મંત્રી કયાં-કયાં કાર્યો કરે છે ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) મહાનગરપાલિકાનાં કાર્યો વિગતે લખો.

(2) સામાજિક ન્યાય સમિતિ

(3) પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા

# 17 જીવનનિર્વાહ

K8P2S5

વ્યક્તિના જીવન ઉપર આસપાસની બાબતો અસર કરે છે. આપણી આસપાસ અનેક પ્રકારની ભિન્નતા જોવા મળે છે. ગ્રામીણ જીવનની સૌથી મહત્ત્વની બાબત કોઈ હોય તો એ છે કે, તેઓ ઓછામાં ઓછી સુવિધાઓનો ઉપયોગ કરે છે. ગામડાના લોકો વિવિધ રીતે આર્થિક-વ્યવસ્થા સાથે જોડાયેલ હોય છે. મોટેભાગે લોકો ખેતીનાં કામ સાથે જોડાયેલ હોય છે. ગ્રામીણ જીવનમાં સ્થાનિક વ્યવસ્થા અને સ્થાનિક પર્યાવરણની વસ્તુઓ જીવનમાં સીધી અસર કરે છે. પર્યાવરણ સાથે જીવનનિર્વાહની વ્યવસ્થા એટલે ગામડાનું જીવન. ગામડાની વ્યક્તિઓના જીવન ઉપરાંત તેમની સુવિધાઓ અને સમસ્યા અંગે આપણે ચર્ચા કરીશું.

આપણો દેશ ભારત અનેક વિવિધતા વચ્ચે અનોખી એકતા ધરાવે છે. આપણો દેશ ધર્મ, ભાષા, પ્રદેશ કે આર્થિક ભિન્નતા વચ્ચે અનોખી ઓળખ ધરાવે છે. આપણા દેશમાં 5000 કરતાં વધારે શહેર અને 27,000 જેટલાં નાનાં-મોટાં નગર છે. આસપાસનાં ગામમાં રહેતા લોકો રોજગારી મેળવવા માટે શહેરમાં આવે છે. કેટલાંક નગર કે શહેરમાં બીજા રાજ્યથી પણ લોકો આવે છે. આપણા દેશના નાગરિકોને દેશમાં કોઈ પણ રાજ્યમાં જઈ શાંતિથી રહેવાનો અને વિકસવાનો બંધારણમાં અધિકાર અપાયો છે. શહેરમાં રહેનાર લોકો વિવિધ વ્યવસાય સાથે જોડાયેલ હોય છે. કેટલાક એક કરતાં વધારે વ્યવસાય સાથે જોડાયેલ હોય છે. આપણી આસપાસ અનેક લોકો આપણને જોવા મળે છે. દરેકને જીવનનિર્વાહ કરવા માટે આવકની જરૂર પડે છે. ઘરમાં પણ નોકરી, ધંધો કે મજૂરી-કામ કરી પૈસા આવે એમાંથી પરિવાર જીવનનિર્વાહ કરે છે.



**17.1 ખેતરમાં કાર્ય કરતાં શ્રમિકો**

### ગામડાનું જીવન

બનાસકાંઠા જિલ્લાનું એક શહેર ડીસા. અહીંથી થોડું દૂર એક ગામ. ગામનું નામ રાણપુર. અહીં મોટેભાગે સૌ ખેતીકામ સાથે જોડાયેલા. અહીં કોઈ ખેતી કરે. વળી કોઈ પશુપાલન કરે. પોતાના ખેતરમાં કામ કરતાં કરતાં વધારાના સમયે કોઈ ઓજાર બનાવે કે કપડાં સીવવાનું પણ કામ કરે. એક તો વળી ટ્રેક્ટર ચલાવે. જે બોલાવે એના ખેતરમાં ખેડ કરવા જાય. ગામ નાનું પણ અહીં વાળ કપાવવા કે દાઢી કરાવવા શહેરમાં ન જવું પડે. અહીં નાનીમોટી કેટલીક દુકાનો. આ દુકાનોમાં ચંપલ મળે અને કપડાં પણ મળે. જરૂર પડે ત્યારે તાવ-શરદીની દવા ગામની દુકાનમાંથી મળી જાય. આ ગામ અને આસપાસનાં ગામમાં સૌ બટાટા અને બાજરીની જ ખેતી કરે.

ગામમાં દરજી મળે, સુથાર પણ મળે. હજામ અને લુહાર પણ આ ગામમાં જોવા મળે છે. આ બધા જ એમના વ્યવસાય સાથે ખેતી કે ખેતમજૂરી સાથે જોડાયેલ છે. ગામમાં એક યુવાને થોડા સમય પહેલાં ચા-નાસ્તા માટે એક દુકાન બનાવી છે. ગામના લોકો કરતાં અહીંથી પસાર થનાર વધારે સંખ્યામાં અહીં ચા-નાસ્તો કરવા ઊભા રહે છે. કેટલાક ખેડૂતો અહીં બારેમાસ શાકભાજીની ખેતી કરે છે. કેટલાક ખેડૂતો દાડમની કે બીજા ફળની વાડી બનાવે છે. ફળ, ફૂલ અને શાકભાજીની ખેતી કરનાર પણ આ ગામમાં જોવા મળે છે.



**17.2 ગ્રામીણ જીવન**


### ગામડામાં શ્રમકાર્ય અને જીવન :

એમને સૌ મધુબા કહે. માલપુર ગામમાં તે રહે. આ જ ગામમાં એમનાં લગ્ન થયાં. ગામના મોટા ખેડૂતના ખેતરમાં તે એમના પતિ જોડે મજૂરી કરે. આખો દિવસ મજૂરી કરે. સવારે આઠ વાગે ઘરનું નાનુંમોટું કામ પતાવી બંને મજૂરીએ જાય. તેમને બે દીકરીઓ છે. બંને ગામની જ સરકારી શાળામાં ભણે છે. મોટા ખેડૂતનું નામ મોંઘજીભાઈ. તેમને વીસ એકર જમીનનું ખેતર. મધુબા અહીં કામ કરે અને પોતાનું ગુજરાન ચલાવે. સવારે આઠ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી તે ખેતરમાં મજૂરી કરે. ખેતરમાં તે વાવેતર કરે. નિંદામણ કરે અને બીજું કામ પણ કરે. આખો દિવસ મધુબા મજૂરી કરે ત્યારે સાંજે એમને વેતન મળે. રોજ કાંઈ ખેતરનું કે મજૂરીનું કામ ન મળે. એક વખત એમને દિવસો સુધી કામ મળ્યું ન હતું. તેથી લવજીભાઈ પાસેથી એમણે પૈસા ઉછીના લીધા હતા. નાની દીકરી બીમાર પડી હોઈ તેમને પૈસાની ખાસ જરૂર હતી. આ પૈસા પરત ચૂકવવા જરૂરી હતા પણ એ સમયે કામ મળતું પણ ન હતું. આ કારણે લવજીભાઈને પૈસા પાછા આપવા માટે એમણે

પગમાં પહેરવાનાં ઝાંઝર વેચી દીધાં હતાં. આવું કેટલીય વખત બનતું. ખેતરમાં મજૂરીનું કામ ન હોય ત્યારે તે બીજાના ખેતરમાં કે પથ્થરની ખાણમાં મજૂરીકામ કરતાં. હવે એમની ઉંમર થઈ હોઈ તેમનાથી વધારે મજૂરી થતી નથી. તે ખૂબ થાકી જાય છે. તેથી મધુબાના પતિ પણ એમને ઘરકામમાં મદદ કરે છે. તેઓ સાંજે ઘરે આવે અને ઘરનું કામ કરે. ભોજન તૈયાર કરે અને જમે.

આ ગામમાં બીજા પણ કેટલાય લોકો છે જેમની જોડે પોતાની જમીન નથી. કેટલાક જોડે થોડીક જ જમીન છે. જેની પાસે જમીન ઓછી છે તે વરસાદને આધારે જ ખેતી કરે છે. આ કારણે વરસાદ ન હોય ત્યારે કેટલાક લોકો આ ગામ છોડી મજૂરી કરવા બીજે જતાં રહે છે.

**જુઓ અને સમજો**




મધુબાનાં કામ અંગે અહીં ચાર્ટ આપેલ છે. આ ચાર્ટને જોઈ નીચેના પ્રશ્નો આધારે ચર્ચા કરો :

(1) તેમને ક્યારે વધારે કામ મળતું હશે ?

(2) કયાં-કયાં મહિનામાં તેમને કામ મળતું નહિ હોય ?

(3) કેટલા મહિના સુધી એમને કામ શોધવું પડતું હશે ?

**ચર્ચા કરો**

(1) મધુબા એમના ઘરમાં કયાં કામ રોજ કરતાં હશે ?

(2) મધુબાને ઘરમાં એમના પતિ કેવી રીતે મદદ કરતા હશે ?

### ખેતી, પશુપાલન અને જીવનનિર્વાહ :

નાનું ગામ પાંડરવાડા. અહીં સલમાન રહે. સલમાન પાસે પોતાનું ખેતર છે. સલમાન પાસે દસ એકર જમીન છે. આ જમીનમાં તે જાતે ખેતી કરે છે. જ્યાં જરૂર જણાય ત્યાં તે કોઈની મદદ મેળવી ખેતી કરે છે. આ મદદ માટે તે મજૂરીના પૈસા આપે છે. તે બિયારણ અને ખાતર બજારમાંથી વેપારી પાસેથી લાવે છે. વેપારી તેમને ઉધારમાં બિયારણ

અને ખાતર આપે છે. પાક ઊતરે એટલે એને વેચીને સલમાન વેપારીને પૈસા પરત આપે છે. બાકીના પૈસા ચૂકવતા તે ખેતરની આવકમાંથી સાત કે આઠ મહિના સુધી જીવન જીવી શકે છે. બાકીના સમયમાં જીવન જીવવા માટે તે પશુપાલન કરી આવક મેળવે છે. સલમાન જોડે એક ગાય અને બે ભેંસ છે. તેમનું દૂધ સલમાનને જરૂરી નાણાં મેળવી આપે છે. સલમાન દૂધ સહકારી મંડળીમાં વેચે છે. તેમાંથી જે આવક થાય એમાંથી તે બાકીના ચાર મહિના જીવન જીવી શકે. કેટલીક વખત પાસેના શહેરની ઔદ્યોગિક વસાહતમાં સલમાન છૂટક કામ મેળવી જીવનનિર્વાહ માટે ખર્ચ ભેગું કરવા મજૂરી કરે છે.

**વિચારો અને કહો**

- સલમાનને ક્યારે મજૂરી કરવી પડતી હશે ?
- સલમાનની આવક કયા સમયે સૌથી વધારે હશે ?
- સલમાન પાસે ગાય કે ભેંસ ન હોય તો તેને શું મુશ્કેલી પડે ?
- ઔદ્યોગિક વસાહતમાં સલમાનને કેવું કામ કરવું પડતું હશે ?

**ગામનું શહેર સાથે જોડાણ :**

નાનું ગામ રામનગર. અહીં એક વેપારી. એમનું નામ જગાભાઈ. તેમને નાની દુકાન. આ દુકાનમાં શાકભાજી મળે. કરિયાણું મળે અને સાથોસાથ જીવનજરૂરી કેટલીક વસ્તુઓ પણ મળે. સાબુ, મીઠું કે નાનીમોટી દવાઓ આ દુકાનમાં મળે. રામનગરમાં મોટે ભાગે સૌ ચોખાની ખેતી કરે. ગામલોકોને જગાભાઈની દુકાનમાં કોઈ વસ્તુ જોઈતી હોય તો તે ચોખા લઈને જાય. જગાભાઈ આ ચોખાને બદલે તેમને જોઈતી વસ્તુ આપે. ગામલોકો પાસેથી ખરીદેલા ચોખા ભેગા કરી શહેરની મોટી દુકાનમાં આપી આવે. ઓછા પૈસે ચોખા ખરીદી જગાભાઈ શહેરમાં થોડા વધારે પૈસામાં આ સામાન વેચીને નાણાં કમાય છે.

મધુબા જેવાં ખેતમજૂર અંગે આપણે જોયું. જમીનદાર જેવા મોટા ખેડૂત ઉપરાંત સલમાન જેવા નાના ખેડૂત અને સાથોસાથ જગાભાઈ જેવા નાના વેપારીઓ અંગે આપણે વિગત જોઈ. તેમની પાસે નાની દુકાન કે આવક માટે અન્ય રસ્તા છે. પશુપાલન અને છૂટક મજૂરી ઉપરાંત ઔદ્યોગિક વસાહતમાં છૂટક કામ કરી ગુજરાન ચલાવનાર અંગે પણ આપણે વિગતવાર જોયું.

**અન્ય રીતે જીવનનિર્વાહ :**

નાનું ગામ સંચારડા. દરિયાકિનારે આવેલું આ ગામ. અહીં રૂડીબહેન અને લખીમા રહે. તેમની પાસે ખેતી કરવા માટે જમીન નથી. ન તેઓ છૂટક મજૂરી કરે છે કે ન કોઈ જગ્યાએ કાયમી કામ કરી પૈસા કમાય છે. રૂડીબહેન અને લખીમા બંને માછલી પકડવાનું કામ કરે છે. માછીમાર ખાદ્યઉત્પાદક કહેવાય છે. માછલી એ દરિયાઈ જીવ છે. રૂડીબહેનને ઘરકામમાં તેમના પતિ સહયોગ કરે છે. લખીમા ઘરડા છે. તેમના પતિનું અવસાન થયું છે. રૂડીબહેન અને લખીમાની ભાગમાં એક નાની હોડી છે. તે દરિયાકિનારે જ મૂકી રાખે છે. તેમની જોડે ઘરમાં માછલી પકડવા માટે નાની જાળ અને એ માટેનાં કેટલાંક સાધનો છે. તેઓ માછલાં પકડવા દરિયામાં જાય છે. દરિયામાં માછલાં મેળવવા દૂર સુધી જવું પડે છે. વર્ષમાં આઠ મહિના સુધી તે માછલાં પકડીને જીવનનિર્વાહ કરે છે.

ચોમાસાના દિવસોમાં દરિયો ખેડવો એ જોખમકારક છે. આ કારણે રૂડીબહેન અને લખીમા ચોમાસાના દિવસો દરમિયાન માછલી પકડવા જતાં નથી. વરસાદ, વાવાઝોડું કે આવી કુદરતી આપત્તિઓ સામે રૂડીબહેન અને લખીમા જેવાં માછીમારી કરનારાં લાચાર છે. જ્યારે આવી કુદરતી સ્થિતિ આવે ત્યારે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે તે માછલી પકડી શકતા નથી ત્યારે તેમની જોડે આવકનું બીજું કોઈ સાધન રહેતું નથી. આવા સમયે કામ મેળવવા માટે ખૂબ મુશ્કેલી પડે છે. આ સમયે જીવનનિર્વાહ માટે તેમણે પૈસા ઉછીના લેવા પડે છે. ઉછીના પૈસા તેઓ ત્યારે જ પરત કરી શકે છે જ્યારે એ માછલી પકડીને વેચી શકે. તેમને માછલી પકડવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આજકાલ બધે જ પ્રદૂષણ વધતું જોવા મળે છે. દરિયામાં પ્રદૂષણ વધવાને લીધે માછલી પકડવા તેમણે દરિયામાં ખૂબ દૂર જવું પડે છે. પ્લાસ્ટિક અને ઉદ્યોગોનું પાણી નદી-ગટર મારફતે દરિયામાં જાય છે. આ કારણે અહીં પ્રદૂષણ વધતું જાય છે. પ્રદૂષણને લીધે અહીં માછલીઓ પણ ઓછી થતી જાય છે. આ પરિસ્થિતિ પણ રૂડીબહેન અને લખીમાને ચિંતામાં મૂકે છે. દરિયામાં તોફાન આવે ત્યારે તે માછલી પકડવા જઈ શકતાં નથી. ત્સુનામી વખતે આવેલ દરિયાના તોફાનમાં તેમને આર્થિક નુકસાન થયું હતું. તે સમયે તેમની હોડીને પણ નુકસાન થયું હતું. આ વખતે તે લાંબાસમય સુધી માછલી પકડવા જઈ શક્યાં ન હતાં. સરકારે તેમને નવી હોડી લાવવા માટે આર્થિક સહાય કરી હતી.

આ જ રીતે ગામડાંના કેટલાય લોકો દૂધ, શાકભાજી કે અન્ય સામગ્રી ગામડામાંથી પાસેના શહેરમાં જઈ તેનું વેચાણ કરી જીવનનિર્વાહ કરે છે.

**વિચારો અને કહો**

- આપણી આસપાસ લોકો કેવી રીતે કમાય છે ?
- માછીમારને રોજ કેટલા કલાક કામ કરવું પડતું હશે ?
- દરિયાને ચોખ્ખો રાખવા માટે તમે શું કરી શકો એમ છો ?
- માછલીની જેમ અન્ય શું વેચીને નાણાં કમાઈ શકાય?
- કેવી કુદરતી આફત વખતે માછલી પકડવા જઈ શકાતું નથી હોતું ? શા માટે ?

**યાદ કરો, પૂછો અને લખો :**

| ક્રમ | વ્યવસાય | વ્યવસાયકારનું નામ | વ્યવસાયની વિગત |
|---|---|---|---|
| 1. | | | |
| 2. | | | |
| 3. | | | |
| 4. | | | |

## શહેરનું જીવન

આપણે અત્યારે ગ્રામીણ જીવન અને જીવનનિર્વાહની વાત કરી. આ જ રીતે શહેરમાં પણ વ્યવસાય અને રોજગારી માટે જાણકારી મેળવવી જરૂરી છે. શહેરમાં રોજગારી મેળવવી ખૂબ જ કપરું કામ છે. શહેરમાં વસતા લોકો અને તેમની રોજગારી અંગે વિગતો જોઈશું.



17.3 શહેરનું જીવન

આપણી આસપાસ અનેક લોકો હોય છે. દરેક કોઈ ને કોઈ કામ સાથે જોડાયેલ હોય છે. શહેરમાં વિવિધ પ્રકારના વ્યવસાય જોવા મળે છે. આ વ્યવસાય ઉપર અનેક લોકો નિર્ભર હોય છે. કોઈને દુકાન હોય તો કોઈને દુકાનમાં નોકરી. કોઈ ઑફિસમાં જાય. કોઈ રોડ ઉપર બેસીને ધંધો કરે. કેટલાક લોકો તો હરતાં ફરતાં કામ કરે. કોઈ શાળામાં કે કૉલેજમાં ભણાવવા જાય તો કોઈ નાનીમોટી મજૂરી કે કૌશલ્ય આધારે કામ મેળવી રોજગારી દ્વારા જીવનનિર્વાહ કરે છે.

**વિચારો અને કહો**

- ચિત્રમાં કયા-કયા વ્યવસાય જોઈ શકાય છે.
- ચિત્રમાં ન હોય તેવા અન્ય વ્યવસાય કયા છે ?
- કયા કૌશલ્યને આધારે રોજગારી મળે છે ?
- તમે કયો વ્યવસાય કરી રોજગાર મેળવવા વિચારો છો ?

**રેખાની વાત :**

રેખાનું ગામ નાનું. બાજુના શહેરમાં એનાં માસી રહે. રેખા માસીના ઘરે આવી હતી. તેણે જોયું તો અહીં કેટલાય લોકો રોડ ઉપરથી જ રોજગારી મેળવે છે. કોઈ શાકભાજીની નાની દુકાન ચલાવે છે. એક માજી લારી ઉપર શાકભાજી વેચે છે. ફૂલની દુકાન હોય કે સાઇકલના પંક્ચરની અને કોઈ મરામતની દુકાન ચલાવે છે. રોડના ઉપર એક ખૂણામાં બૂટપૉલિશની દુકાન બનાવી એક ભાઈ રોજગાર મેળવે છે. સોડા-શરબતની દુકાન કે કરિયાણાની દુકાન પણ અહીં જાણે રોડ ઉપર છે. રોડ ઉપર ઊભા હોઈએ અને થોડી જ વારમાં ગાડીનો કાચ સાફ કરી પૈસા ભેગા કરનાર પણ રેખાએ જોયા. એક ભાઈ સાઇકલ ઉપર સફાઈનાં સાધનો વેચે છે, બીજો ભાઈ રસ્તા ઉપર પીવાના પાણીનો ધંધો કરે છે. તેજ રસ્તા ઉપર ફેરીયો, રમકડાં વેચે છે. રેખાએ એક હેરકટિંગ સલૂન જોયું અને કહ્યું ‘આ બધુ મારા ગામમાં



17.4 સ્વરોજગાર મેળવતા કારીગરો

ત્રણ કે ચાર દુકાનોમાં હોય છે. રેખાના ગામમાં જે બધું દુકાનમાં મળે છે એવી કેટલીક વસ્તુ એણે અહીં પાથરણામાં વેચાતી જોઈ. રોડ ઉપરની દુકાન કે રોડની આસપાસ કામ કરનારને કારણે અનેક વખત સમસ્યા જોવા મળે. ક્યારેક ટ્રાફિક-સમસ્યા વધી જાય છે. નાનામોટા અકસ્માત થાય છે. આવું રોડ ઉપર કે રોડની આસપાસ કેટલાક લોકો વ્યવસાય કરી રોજગારી મેળવે છે. શહેરમાં એક વ્યક્તિ એક કરતાં વધારે વ્યવસાય કે કૌશલ્ય આધારે વિવિધ પ્રકારનાં કામ સાથે જોડાયેલ હોઈ શકે. રેખાએ જોયું કે ટાયર પંક્ચરની દુકાનમાં કામ કરતો હતો એ જ છોકરો રાતે ભજનમાં ઢોલક વગાડતો હતો.

**જાણવા જેવું**

- એક અંદાજ મુજબ શહેરમાં રોજગારી મેળવતા કુલ વ્યક્તિ પૈકી 12 % લોકો શહેરમાં રસ્તા ઉપરથી રોજગારી મેળવે છે. કેટલાક શહેરમાં પાથરણા બજાર કે લારીગલ્લા બજાર માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી કરીને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય છે.

### કરશનભાઈનું કામ

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં માવસરી ગામ. એક બાજુ રાજસ્થાન અને એક બાજુ પાકિસ્તાનની સરહદ ધરાવતું આ ગામ. ગામમાં કરશનભાઈ રહે. તે ગામમાં સુથારીકામ કરતા હતા. કરશનભાઈ પાંચ વર્ષથી બાજુના નગર થરાદમાં રહે છે. કરશનભાઈ શહેરમાં રિક્ષા ચલાવવાનું કામ કરે છે. તેમની રિક્ષામાં શાળાનાં બાળકોને શાળા સુધી પહોંચાડે છે. આજે કરશનભાઈ પાસે બે રિક્ષા છે. આજે કરશનભાઈ શહેરમાં રિક્ષા ચલાવી રોજગારી મેળવે છે.

**વિચારો અને કહો**

- કરશનભાઈ શહેરમાં કેમ આવ્યા હશે ?
- શહેરમાં પરિવારને કઈ અગવડ પડતી હશે ?
- તમે બીજા કોઈ શહેર કે ગામમાં જાવ તો રોજગારી મેળવવા શું કરો ?
- ગામડેથી શહેરમાં આવેલ કોઈ એક વ્યવસાયકાર અંગે ચર્ચા કરો.

### સામૂહિક શહેરી જીવનનિર્વાહ :

નિલમના મામા એક ફેક્ટરીમાં કામ કરે છે. ફેક્ટરી મોટા સંકુલમાં છે. અહીં પ્રવેશતાં જ વિવિધ વિભાગ જોવા મળ્યા. અહીં શર્ટ અને પેન્ટ બનાવવાની ફેક્ટરી છે. અહીં કાપડનો વિભાગ અને ટેક્નિકલ વિભાગ વધારે સક્રિય જોવા મળ્યો. ઉપરના માળમાં પચાસ કરતાં વધારે મશીન હતાં. ઓછી મહેનતે વધારે કામ અને સિલાઈ થઈ શકે એવા સિલાઈ માટેનાં મશીન હતાં. સિલાઈ કરવા અને બટન લગાવવા માટે ખાસ પ્રકારનાં મશીન હતાં. આ કારણે ઓછી મહેનતે વધુ કામ થતું હતું. નિલમના મામા અહીં મૅનેજર તરીકે કામ કરતા હતા. તેમણે નિલમને કપડું આવે ત્યાંથી શર્ટ કે પેન્ટ તૈયાર થઈને પૅકિંગ થાય ત્યાં સુધીની કામગીરી જોવાની તક આપી. તે ફેક્ટરી જોઈને આવી. અહીં તેના મામા વેપારીઓ સાથે વાત કરતા હતા. સામેના વેપારીને કામ ઝડપથી જોઈતું હતું. એમણે એક હજાર શર્ટ જોઈતા હતા. તેઓ કહેતા હતા કે, ઓવરટાઈમ કરાવી આ ઑર્ડર પૂરો કરાવી આપો. નિલમના મામાએ તેમને ઓવરટાઈમ અને તેમાં થતાં વધારાના ખર્ચ અંગે વાત કરી.



**17.5 કપડાં સીવવાની ફેક્ટરી**

**જાણવા જેવું**

- ચોવીસ કલાક કામ કરતાં એકમમાં ત્રણ પાળીમાં કામ થાય છે. એક જ જગ્યામાં 24 કલાક દરમિયાન 3 વ્યક્તિ કામ કરે છે. આઠ કલાક કરતાં વધારે કામ કરવાનું થાય, તો દરેક કલાકના કામ માટે વધારાનાં નાણાં ચૂકવવામાં આવે છે.

### છૂટક જીવનનિર્વાહ :

જયસિંહ રાજસ્થાનથી નવસારી આવ્યા છે. અહીં તે ચોકલેટ બનાવવાનું કામ કરે છે. અનેક પ્રકારની ચોકલેટ બનાવે છે. તેઓ આ માલ બનાવી બજારના વેપારી સુધી પહોંચાડવાનું કામ કરે છે. આ માટે કાચી સામગ્રી એકઠી કરવાથી લઈ ચોકલેટનું ઉત્પાદન કરવાનું અને તેનું વેચાણ કરવાના કામ ઉપર તેઓ સીધી દેખરેખ રાખે છે. સેલ્સમૅન અને વેપારી સુધી માલ પહોંચે તો જ વેચાણ સરળ બને. આ માટે તેમને વેપારીઓ સાથે ખાસ સંપર્ક રાખવા પડે છે. જયસિંહની ચોકલેટને કારણે આજે 100 કરતાં વધુ લોકો સીધી કે આડકતરી રીતે રોજગારી મેળવે છે. આપણી આસપાસ અનેક વ્યવસાયકાર જોવા મળે છે. આધુનિક સમયમાં કૌશલ્યને આધારે કામ મળી જ રહે છે. રોજગારી મેળવવા માટે કૌશલ્ય ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

**યાદ કરો અને લખો**

- આપણી આસપાસ અનેક લોકો વિવિધ કામ સાથે જોડાયેલ છે. આ કામને આધારે તેઓ રોજગારી મેળવે છે. અહીં એક ઉદાહરણ આપેલ છે. જયસિંહ ચોકલેટ બનાવવાનું કારખાનું ચલાવે છે. આ માટે એને સહયોગની જરૂર પડશે. તમે પણ આ માટે વિવિધ રીતે રોજગારી મેળવનાર અંગે અને તેમની સાથે જોડાયેલ અન્ય વિગતો તૈયાર કરો.

| ક્રમ | રોજગારીનું માધ્યમ | ક્યાંથી આવે છે | કઈ રીતે પહોંચે છે | કોણ ઉપયોગ કરે છે | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| 1. | પેપરનો ફેરિયો | શહેરના પ્રેસમાંથી | વાહન દ્વારા આવે છે. | અનેક માણસો ઉપયોગ કરે છે. | અનેક માહિતી આપણને મળી શકે છે. |
| 2. | શાકભાજી વેચનાર | ખેતરમાંથી | | | તંદુરસ્તી માટે સારું |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## સ્વાધ્યાય

D1H3S9

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) ગામડામાં મોટે ભાગે સૌ ......... કામ સાથે જોડાયેલ હોય છે.

(2) ઔદ્યોગિક રોજગારી ......... માં વધુ મળી રહે છે.

**2. નીચેના આપેલ પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો :**

(1) ગામડામાં લોકો નીચે પૈકી કયું કામ વધારે કરતાં જોવા મળે છે ?

(A) સરકારી નોકરી (B) ખેતી (C) ઉદ્યોગ (D) બધું જ સાચું

(2) શહેરમાં રોજગારી મેળવવા માટે લોકો ક્યાંથી આવે છે ?

(A) પાસેના ગામથી (B) અન્ય રાજ્યથી (C) અન્ય શહેરથી (D) બધું જ સાચું

**3. એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ખેતી કે ખેતમજૂરી કરતાં લોકો મોટે ભાગે ક્યાં જોવા મળે છે ?

(2) રોડ ઉપર કયા કયા રોજગાર કરતાં વ્યક્તિ જોવા મળે છે ?

(3) કેવી વ્યક્તિને રોજગારી મેળવવામાં સરળતા રહે છે ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) ગ્રામીણ જીવનનિર્વાહ (2) શહેરી જીવનનિર્વાહ

(3) શહેરમાં છૂટક રોજગારી (4) પશુપાલન અને ખેતમજૂરી

**5. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) ખેતમજૂરી | (a) કાયમી કામ મળી રહે છે. |
| (2) કૌશલ્ય આધારે કામ | (b) એક કરતાં વધુ રીતે કમાઈ શકાય છે. |
| (3) ઔદ્યોગિક રોજગારી | (c) બારેમાસ કામ ન પણ મળે. |

# ચાલો, સમજ ચકાસીએ

## 1. ચાલો, ઈતિહાસ જાણીએ

- **નીચેના આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) તામ્રપત્રો ગુજરાતમાં કઈ જગ્યાએ જોવા મળતાં નથી ?

(A) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ

(B) એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજી, નવરંગપુરા, અમદાવાદ

(C) ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

(D) ગૂજરાત વિદ્યાપીઠ લાઈબ્રેરી, અમદાવાદ

(2) ઈ.સ. 2019માં ઈસુ ખ્રિસ્તના જન્મનાં કેટલાં વર્ષ થયાં હશે ?

(A) 2000 (B) 2019 (C) 2319 (D) 1019

(3) નીચેનામાંથી કયો પ્રવાસી ભારત આવ્યો ન હતો ?

(A) મૅગેસ્થનિસ (B) ફાહિયાન (C) યુઅન-શ્વાંગ (D) કોલંબસ

## 2. આદિમાનવથી સ્થાયી જીવનની સફર

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચે પૈકી કયું સ્થળ પાષાણકાલીન માનવ-વસાહતનું નથી ?

(A) ભીમબેટકા (B) ઉજ્જૈન (C) ઈનામગામ (D) મહાગઢા

(2) ભારતમાંથી મળી આવેલ પ્રાચીન ગુફાઓ સંબંધિત નીચે પૈકી કયું વિધાન યોગ્ય નથી ?

(A) ગુફા એ આદિમાનવના રહેઠાણ માટેનું સ્થળ હતું.

(B) આદિમાનવોએ ગુફાઓમાં ભીંતચિત્રો દોર્યાં હતાં.

(C) આદિમાનવ ગુફાઓમાં રહી લોખંડનાં ઓજારો બનાવતો હતો.

(D) કુરનૂલની ગુફામાંથી રાખના અવશેષો મળ્યા હતા.

(3) નીચે આપેલ કઈ જોડ સાચી છે ?

(A) મહાગઢા - ચોખા (B) બુર્જહોમ - મસૂર (C) મેહરગઢ - ઘઉં (D) આપેલ ત્રણેય

## 3. પ્રાચીન નગરો અને ગ્રંથો

- **નીચ આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ ગુજરાતનાં પ્રાચીન નગરોની છે ?

(A) હડપ્પા, મોહેં-જો-દડો, મહેરગઢ, રહેમાન ગઢી

(B) લોથલ, રંગપુર, રોઝડી, ધોળાવીરા

(C) કાલીબંગાન, ભગવાનપુર, રાપડ, બનાવલી

(D) રંગપુર, કાલીબંગાન, મોહેં-જો-દડો, મહેરગઢ

(2) નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

(A) લોથલ - બંદર
(B) કાલીબંગન - કૃષિક્રાંતિનું મુખ્ય મથક
(C) ધોળાવીરા - દ્વિસ્તરીય નગરરચના
(D) મોહેં-જો-દડો - જાહેર સ્નાનાગાર

(3) નીચેના પૈકી કઈ બાબતોથી સિંધુ સભ્યતાના લોકો પરિચિત ન હતા?

(A) તાંબાનાં ઓજારો બનાવતા હતા.

(B) કુંડળ, કંદોરો, ઝાંઝર જેવાં આભૂષણોનો ઉપયોગ કરતાં હતા.

(C) વૃક્ષ, પશુ, નાગ, સ્વસ્તિક અને અગ્નિની પૂજા કરતા હતા.

(D) તેઓ બ્રાહ્મી અને દેવનાગરી લિપિથી પરિચિત હતા.

(4) નીચેનામાંથી કયું વિધાન લોથલ વિશે સાચું છે?

(A) લોથલ અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં આવેલું છે.

(B) લોથલ પ્રાચીન સમયમાં એક વેપારી બંદર હતું.

(C) લોથલમાં વખારો અને મણકા બનાવવાની ફેક્ટરી મળી આવેલ છે.

(D) ઉપર આપેલ તમામ.

(5) ઋગ્વેદના અનુસંધાને કયું વિધાન ખોટું છે?

(A) રાવી નદીના કિનારે દસ રાજાઓ વચ્ચે યુદ્ધ થયું.

(B) સમાજ, વર્ણ અને જ્ઞાતિઓમાં વહેંચાયેલ ન હતો.

(C) સ્ત્રીઓનું સમાજમાં સ્થાન નીચું હતું અને તેને કોઈ સ્વાતંત્ર્ય ન હતું.

(D) ઈન્દ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય વગેરેની પૂજા થતી હતી.

## 4. ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેના પૈકી કયું વાક્ય ગણરાજ્ય સમયના સમાજજીવન વિશે ખોટું છે ?

(A) લોકો સાદાં ઘરોમાં રહેતા હતા.

(B) લોકો માટીનાં વાસણોનો ઉપયોગ વિશેષ કરતા હતા.

(C) માટીનાં વાસણો પર ચિત્રાંકન કરતા ન હતા.

(D) લોકો પશુપાલન-પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા.

(2) જનપદ એટલે...

(A) સભા અને સમિતિ
(B) ભારતની પ્રારંભિક રાજકીય સંસ્થાઓ
(C) માણસના વસવાટનું એક ક્ષેત્ર કે સ્થાન
(D) એક પણ નહિ.

(3) ગણરાજ્યોની રાજ્યવ્યવસ્થા પૈકી નીચેનામાંથી કયું વાક્ય ખોટું છે ?

(A) વૈશાલી વજ્જિસંઘનું ગણરાજ્ય કહેવામાં આવતું.

(B) ગણરાજ્યમાં જ્યાં સભા ભરાતી હતી તે સ્થળ સંથાગાર કહેવાતું.

(C) રાજ્યની બધી જ સત્તા સભ્યો પાસે રહેતી.

(D) ગણરાજ્યમાં પ્રત્યેક સભ્યને રાજા ગણવામાં આવતો ન હતો.

(4) આપણા દેશનાં લોકો પોતાના શાસકોની પસંદગી કઈ રીતે કરે છે ?

(A) વંશ પરંપરાગત (B) ધ્વનિમતથી

(C) મતદાનથી (D) એકેય નહિ.

(5) નીચેનામાંથી કયા ગ્રંથ અનુસાર અનુવૈદિક કાળમાં 16 મહાજન પદો હતાં ?

(A) અંગુત્તરનિકાય (B) ત્રિપિટ્ટક

(C) મહાભારત (D) એક પણ નહિ.

## 5. શાંતિની શોધમાં : બુદ્ધ અને મહાવીર

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કયું વિધાન ગૌતમ બુદ્ધ વિશે સાચું નથી ?

(A) તેમનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું.

(B) ગૌતમ બુદ્ધના યુવાવસ્થામાં જ લગ્ન કરાવવામાં આવ્યા હતાં.

(C) તેમનું અવસાન કુંડગ્રામમાં થયું હતું.

(D) ગૌતમ બુદ્ધનાં પત્નીનું નામ યશોધરા હતું.

(2) નીચેનામાંથી કઈ બાબત મહાવીર સ્વામી સાથે બંધબેસતી નથી ?

(A) જૈનધર્મ (B) કુંડગ્રામ

(C) યશોદા (D) કપિલવસ્તુ

(3) ગૌતમ બુદ્ધને નીચેનામાંથી કયા દિવસે જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી ?

(A) શરદપૂર્ણિમા (B) વૈશાખી પૂર્ણિમા

(C) ગુરુપૂર્ણિમા (D) ઉપરમાંથી એક પણ નહિ.

## 6. મૌર્યયુગ : ચંદ્રગુપ્ત અને સમ્રાટ અશોક

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) બૌદ્ધ ધર્મના પ્રચાર માટે સમ્રાટ અશોકે પોતાના પુત્ર અને પુત્રીને ક્યાં મોકલ્યાં હતાં ?

(A) ભારતમાં (B) ચીન

(C) સિલોન(શ્રીલંકા) (D) પાકિસ્તાન

(2) મૌર્ય સામ્રાજ્યના પ્રમુખ નગરમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) તક્ષશીલા (B) પાટલીપુત્ર

(C) ઉજ્જૈન (D) સાંચી

(3) ગ્રાન્ડ ટ્રંક રોડ સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ?

(A) રોડનું નિર્માણ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં થયું હતું.

(B) તામ્રલિપ્તિ થઈને તક્ષશીલાને જોડતો હતો.

(C) વર્તમાન સમયમાં દિલ્લીથી કોલકાતા સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગથી ઓળખાય છે.

(D) ઉપર્યુક્ત તમામ

(4) સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વત પર નીચેનામાંથી કોણે સુદર્શન તળાવનું નિર્માણ કરાવ્યું હતું ?

(A) પુષ્યગુપ્ત (B) સ્કંદગુપ્ત

(C) સમુદ્રગુપ્ત (D) અશોક

(5) સમ્રાટ અશોકના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

(A) રાજધાની પાટલીપુત્રમાં રાજ્યાભિષેક

(B) બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી શાસ્ત્રોનો ત્યાગ કર્યો.

(C) પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી હતી.

(D) અશોકના અભિલેખોની ભાષા સંસ્કૃત અને લિપિ ખરોષ્ઠી છે.

(6) મૌર્યયુગનાં વહીવટીતંત્રમાં રાજકુમારોની નિમણૂંક નીચેનામાંથી કયા પદ પર કરવામાં આવતી ?

(A) લોકપાલ (B) સામંત

(C) રાજ્યપાલ (D) રાષ્ટ્રપતિ

## 7. ગુપ્તયુગ અને અન્ય શાસકો

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) ગુપ્તયુગની રાજધાની ઉજ્જૈન હાલ કયા રાજ્યમાં આવેલ છે ?

(A) ગુજરાત (B) ઉત્તરપ્રદેશ

(C) મધ્યપ્રદેશ (D) બિહાર

(2) નાલંદા વિદ્યાપીઠ હાલના કયા રાજ્યમાં આવેલી હતી ?

(A) અસમ (B) બિહાર

(C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા

(3) હર્ષવર્ધન અને પુલકેશી વચ્ચે કઈ નદીના કિનારે યુદ્ધ થયું હતું.

(A) ગંગા (B) ગોદાવરી

(C) ચંબલ (D) નર્મદા

(4) ગુપ્તયુગના શાસકોને પ્રથમથી ક્રમમાં ગોઠવો :

(A) ચંદ્રગુપ્ત પ્રથમ, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો, સ્કંદગુપ્ત

(B) સ્કંદગુપ્ત, ચંદ્રગુપ્ત પ્રથમ, ચંદ્રગુપ્ત બીજો, સમુદ્રગુપ્ત

(C) સમુદ્રગુપ્ત, સ્કંદગુપ્ત, ચંદ્રગુપ્ત પ્રથમ, ચંદ્રગુપ્ત બીજો

(D) ચંદ્રગુપ્ત બીજો, ચંદ્રગુપ્ત પ્રથમ, સ્કંદગુપ્ત, સમુદ્રગુપ્ત

## 8. ભારતવર્ષની ભવ્યતા

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) પ્રાચીન ભારતીય કલાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વાક્ય અયોગ્ય છે ?

(A) નિદર્શન કલામાં નૃત્ય અને નાટકનો સમાવેશ થાય છે.

(B) લલિત કલામાં ચિત્ર, સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, માટીકલાનો સમાવેશ થાય છે.

(C) ઇતિહાસવિદો કલાને ત્રણ ભાગમાં વહેંચે છે.

(D) કલાના બે ભાગ લલિતકલા અને નિદર્શન કલા

(2) પ્રાચીન ભારતીય સાહિત્યના વારસાની નીચેનામાંથી બંધબેસતી જોડ બનાવો :

| અ | બ |
|---|---|
| (A) વેદોની સંખ્યા | (a) 4 |
| (B) પુરાણોની સંખ્યા | (b) 18 |
| (C) મહાભારત | (c) ત્રિપિટ્ટક |
| (D) બૌદ્ધ ધર્મગ્રંથ | (d) જય સંહિતા |

(3) સાહિત્યિક ગ્રંથ અને તેના રચયિતાની અયોગ્ય જોડ શોધો :

(A) રામાયણ - વાલ્મિકી (B) મહાભારત - વેદવ્યાસ

(C) મિલિન્દ પાન્હો - નાગસેન (D) અર્થશાત્ર - ચંદ્રગુપ્ત મૌર્ય

(4) દક્ષિણ ભારતનાં સાહિત્ય સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત યોગ્ય છે ?

(A) સંગમ સાહિત્ય કહેવામાં આવે છે.

(B) રચના ઈ.સ.ની પ્રથમ ત્રણ સદીઓમાં થઈ.

(C) મદુરાઈમાં ત્રણ સંગમ સભામાં 1600 વીર કાવ્યોની રચના થઈ.

(D) ઉપર્યુક્ત તમામ

(5) પ્રાચીન ભારતીય વિદ્યાપીઠ અને તેના સ્થળ બાબતે કઈ જોડ સાચી નથી ?

(A) નાલંદા - બિહાર
(B) તક્ષશિલા - બંગાળ
(C) વલભી - વલ્લભીપુર
(D) વિક્રમશીલા - બંગાળ

(6) પ્રાચીન ભારતીય સિક્કાની બાબતમાં નીચેનામાંથી કયું વિધાન ઉચિત નથી ?

(A) ભારતના સૌથી જૂના સિક્કા પંચમાર્ક તરીકે ઓળખાય છે.
(B) ઈન્ડોગ્રીક રાજાઓએ સુવર્ણ સિક્કા શરૂ કર્યા.
(C) સૌથી શ્રેષ્ઠ સિક્કા ગુપ્તકાળના છે.
(D) ચંદ્રગુપ્તના વીણાવાદન કરતાં સિક્કા મળ્યા છે.

## 9. આપણું ઘર : પૃથ્વી

• **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કોનો સમાવેશ સૌરમંડળમાં થાય છે ?

(A) ગ્રહો અને ઉપગ્રહો
(B) ઉલ્કાઓ
(C) ધૂમકેતુઓ
(D) ઉપર્યુક્ત તમામ

(2) ગ્રહ અને તેની વિશેષતા બાબતે અયોગ્ય જોડ કઈ છે તે કહો.

(A) બુધ - સૂર્યની સૌથી નજીકનો ગ્રહ
(B) શુક્ર - સૌથી ચમકતો ગ્રહ
(C) મંગળ - વાદળી રંગનો ચમકતો ગ્રહ
(D) ગુરુ - સૌરમંડળનો સૌથી મોટો ગ્રહ

(3) પૃથ્વી દડા જેવી ગોળ નથી પણ તે...

(A) સફરજન જેવી છે.
(B) નારંગી જેવી છે.
(C) ઈંડાકાર છે.
(D) B અને C

(4) અક્ષાંશ અને રેખાંશ વિશે નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું ?

(A) પૃથ્વીના ગોળા ઉપર આવેલી આડી રેખા એટલે અક્ષાંશ.
(B) પૃથ્વીના ગોળા ઉપર આવેલી ઊભી રેખા એટલે રેખાંશ.
(C) $0^{\circ}$ રેખાંશવૃત્તને આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા કહે છે અને તેને ઓળંગતા તારીખવાર બદલાય છે.
(D) $0^{\circ}$ રેખાંશ ઈંગ્લૅન્ડના ગ્રિનીચ શહેરમાંથી પસાર થાય છે.

(5) આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખાની માહિતી આપતાં કયાં વિધાનો યોગ્ય જણાય છે ?

(A) $180^{\circ}$ રેખાંશવૃત્ત
(B) આ રેખા ઓળંગતા તારીખ અને વાર બદલાય છે.
(C) પૅસિફિક મહાસાગરમાંથી પસાર થાય છે અને તે વાંકીચૂંકી છે.
(D) ઉપર્યુક્ત તમામ

(6) સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ માટે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ?

(A) સૂર્યગ્રહણ - સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર (B) ચંદ્રગ્રહણ - ચંદ્ર અને સૂર્ય વચ્ચે પૃથ્વી

(C) સૂર્યગ્રહણ અમાસે અને ચંદ્રગ્રહણ પૂનમે થાય છે. (D) ઉપર્યુક્ત તમામ

## 10. પૃથ્વીનાં આવરણો

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) ખડકો અને ઘન પદાર્થથી બનેલ આવરણ કયા નામે ઓળખાય છે ?

(A) જલાવરણ (B) ખડકાવરણ

(C) જીવાવરણ (D) વાતાવરણ

(2) હું મનુષ્યના આહાર, આવાસ અને અસ્તિત્વનું પાયારૂપ આવરણ છું.

(A) મૃદાવરણ (B) ઘનાવરણ

(C) ખડકાવરણ (D) આપેલ તમામ

(3) નીચેનામાંથી કઈ બાબત મહાસાગર સાથે જોડાયેલ છે ?

(A) પ્રોટીનયુક્ત આહાર (B) જળમાર્ગ

(C) ખનીજો (D) આપેલ તમામ

(4) નીચેનામાંથી કઈ બાબત વાતાવરણ સાથે જોડાયેલ નથી ?

(A) તે સ્વાદરહિત છે. (B) વાયુઓનું બનેલું છે.

(C) ખડકોનું બનેલું છે. (D) એક પણ નહિ.

(5) જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (A) મૃદાવરણ | (1) પૃથ્વીસપાટીનો મહત્તમ વિસ્તાર ધરાવતું આવરણ |
| (B) જલાવરણ | (2) સૌર પરિવારમાં ફક્ત પૃથ્વી ગ્રહને જ મળેલ આવરણ |
| (C) વાતાવરણ | (3) પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનોથી રચાયેલ આવરણ |
| (D) જીવાવરણ | (4) ઘન, પ્રવાહી અને વાયુતત્ત્વો ધરાવતું આવરણ |

## 11. ભૂમિસ્વરૂપો

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કઈ બાબત ‘પર્વત’ સાથે જોડાયેલ છે ?

(A) તેની ઊંચાઈ સમુદ્રસપાટીથી આશરે 900 મીટરથી વધુ હોય છે.

(B) તે તીવ્ર ઢોળાવ અને સાંકડાં શિખરો ધરાવે છે.

(C) (A)

(D) (A) અને (B)

(2) માનવવસાહતો અને વ્યાપાર વાણિજ્ય માટે વધુ અનુકૂળ ભૂમિસ્વરૂપ જણાવો.

(A) પર્વત (B) ઉચ્ચપ્રદેશ

(C) મેદાન (D) ટાપુ

(3) હું ઠંડા પવનથી રક્ષણ અને ભેજવાળા પવનોને રોકી વરસાદ આપું છું.

(A) મેદાન (B) વૃક્ષ

(C) ઉચ્ચપ્રદેશ (D) પર્વત

(4) નીચે આપેલાં સ્થળોને લાગુ પડતા ભૂમિસ્વરૂપના ખાનામાં ગોઠવો :

તિબેટ, મોંગોલિયા, ગંગા-યમુનાના કિનારાનો પ્રદેશ, વિંધ્યાચલ, કચ્છ અને ખંભાતનો સામુદ્રી ભાગ, બંગાળની ખાડી, પાલ્કની, કેપ ઑફ ગુડ હોપ, અંદમાન-નિકોબાર

| **ભૂમિસ્વરૂપ** | પર્વત | ઉચ્ચપ્રદેશ | મેદાન | ઉપસાગર | અખાત | ભૂશિર | ટાપુ | સામુદ્રધુની |
|---|---|---|---|---|---|---|---|---|
| **સ્થળો** | | | | | | | | |

## 12. નકશો સમજીએ

- **વિવિધ પ્રદેશોની આપેલ વિગતોનું નકશાના પ્રકારને આધારે વર્ગીકરણ કરો :**
  - પર્વત, પરિવહન, મેદાન, ઉદ્યોગ, ખેતી, ઉચ્ચપ્રદેશ, સિંચાઈ, નદી, સરોવર, વસ્તી, મહાસાગર

| **પ્રાકૃતિક નકશા** | **સાંસ્કૃતિક નકશા** |
|---|---|
| | |

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) આપેલ વિકલ્પમાંથી નકશાનું મુખ્ય અંગ જણાવો :

(A) દિશા (B) રૂઢ સંજ્ઞાઓ

(C) (A) અને (B) (D) એક પણ નહિ.

(2) જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (A) ઈશાન | (1) ઉત્તર-પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો |
| (B) અગ્નિ | (2) દક્ષિણ-પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો |
| (C) વાયવ્ય | (3) ઉત્તર-પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો |
| (D) નૈઋત્ય | (4) દક્ષિણ-પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો |
| | (5) ઉત્તર-દક્ષિણ દિશા વચ્ચેનો ખૂણો |

## 13. ભારત : ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ અને વન્યજીવ

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) 'સુંદરવન' મુખત્રિકોણ પ્રદેશ કઈ નદીઓ દ્વારા રચાયેલ છે ?

(A) બ્રહ્મપુત્ર - યમુના (B) ગંગા - યમુના

(C) બ્રહ્મપુત્ર - ગંગા (D) બ્રહ્મપુત્ર - ગોદાવરી

(2) યોગ્ય જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (A) શિયાળો | (1) સમુદ્ર પરથી ભેજવાળા પવનો ફૂંકાય છે. |
| (B) ઉનાળો | (2) આકાશ વાદળો વિનાનું સ્વચ્છ દેખાય છે. |
| (C) ચોમાસું | (3) કુદરતી આપત્તિઓ અનુભવાય છે. |
| (D) પાછા ફરતા મોસમી પવનોની ઋતુ | (4) ગરમ-સૂકા પવનો ફૂંકાય છે. |
| | (5) સૂર્યનાં કિરણો ત્રાંસાં પડે છે. |

(3) નીચે આપેલ વૃક્ષોનું જે-તે જંગલ-પ્રદેશોમાં વર્ગીકરણ કરો :

વાંસ, સાગ, મહોગની, લીમડો, નેતર, બાવળ, ચીડ, દેવદાર, બોરડી, થોર, સુંદરી

| જંગલપ્રદેશ | વૃક્ષો |
|---|---|
| ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો | |
| ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો | |
| સૂકાં ઝાંખરાવાળાં જંગલો | |
| પર્વતીય જંગલો | |
| મેન્ગ્રુવનાં જંગલો | |

# 14. વિવિધતામાં એકતા

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) કબીરસિંહ ગુરુદ્વારામાં પ્રાર્થના કરવા જાય છે, તો કબીરસિંહ કયો ધર્મ પાળતા હશે ?

(A) હિન્દુ (B) મુસ્લિમ

(C) શીખ (D) જૈન

(2) હું પશ્ચિમ બંગાળના લોકોની પ્રિય મીઠાઈ છે ?

(A) રસગુલ્લા (B) જલેબી

(C) પેંડા (D) મોહનથાળ

(3) ભગવાન જગન્નાથની રથયાત્રા ક્યારે નીકળે છે ?

(A) દિવાળી (B) હોળી

(C) અષાઢી બીજ (D) અખાત્રીજ

(4) જયપુરમાં યોજાયેલ લગ્નપ્રસંગે ત્યાંના નૃત્ય કરતા હશે ?

(A) રાસ-ગરબા (B) કુચીપુડી

(C) ભરતનાટ્યમ્ (D) ઘુમ્મર

(5) તમારા પિતાજીની રાષ્ટ્રભાષા કઈ છે ?

(A) ગુજરાતી (B) કન્નડ

(C) હિન્દી (D) અંગ્રેજી

# 15. સરકાર

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કઈ બાબત લોકશાહી સરકાર ધરાવતા દેશને લાગુ પડતી નથી ?

(A) ચૂંટણી-પ્રક્રિયા (B) લોકોનું પ્રતિનિધિત્વ

(C) વારસાગત શાસન (D) લોકોની ભાગીદારી

(2) નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન ખોટું છે ?

(A) ભારતમાં રાજાશાહી શાસન-વ્યવસ્થા છે.

(B) રાજાશાહીમાં રાજા કે રાણી તમામ નિર્ણયો લે છે.

(C) રાજા કે રાણીનું પદ વારસાગત હોય છે.

(D) રાજા પાસે સલાહકારોનું એક નાનું મંડળ હોય છે.

(3) નીચેનામાંથી કયું કાર્ય સરકારનું છે.

(A) સરકારી આરોગ્ય કેન્દ્રો ચલાવવાં.

(B) કુદરતી આપત્તિ સમયે લોકોને મદદ કરવી.

(C) વિશ્વના અન્ય દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવા.

(D) ઉપરના તમામ સાચા છે.

- **નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો :**

(1) ગુજરાત સરકાર એ કયા સ્તરની શાસન-વ્યવસ્થા છે?

(2) તમે સરકારનાં કયાં-કયાં અંગો વિશે જાણો છો ?

## 16. સ્થાનિક સરકાર

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) પંચાયતીરાજમાં ત્રણેય સ્તરોએ કઈ સમિતિની રચના કરવી ફરજિયાત છે?

(A) ગ્રામસમિતિ અને સામાજિક ન્યાય સમિતિ

(B) સામાજિક ન્યાય સમિતિ અને કારોબારી સમિતિ

(C) કારોબારી સમિતિ અને બાંધકામ સમિતિ

(D) સામાજિક ન્યાય સમિતિ અને આરોગ્ય સમિતિ

(2) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્ત્રીઓ માટે કેટલા ટકા બેઠકો અનામત હોય છે?

(A) 10 % (B) 20 % (C) 40 % (D) 50 %

(3) જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| 1. ગ્રામપંચાયત | 1. ચિફ ઑફિસર |
| 2. જિલ્લા પંચાયત | 2. તાલુકા વિકાસ અધિકારી (TDO) |
| 3. નગરપાલિકા | 3. તલાટી-કમ-મંત્રી |
| 4. તાલુકા પંચાયત | 4. મ્યુનિસિપલ કમિશનર |
| | 5. જિલ્લા વિકાસ અધિકારી |

(4) લોકઅદાલતના સંદર્ભે નીચેના પૈકી કઈ બાબત યોગ્ય છે?

(A) બંને પક્ષકારોને ઘણો ખર્ચ કરવો પડે છે.

(B) બંને પક્ષકારોને સમાધાનકારી રીતે ઝડપી ન્યાય મળે છે.

(C) બંને પક્ષકારોએ કોર્ટમાં હાજર રહેવું પડે છે.

(D) સમયનો બગાડ થાય છે.

# 17. જીવનનિર્વાહ

- **નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) વરસાદના આધારે થતા પાકની ખેતરમાં ખેડ અને રોપણી કયા સમયે થતી હશે ?

(A) જૂન-જુલાઈ (B) ઑક્ટોબર-નવેમ્બર (C) ડિસેમ્બર-જાન્યુઆરી (D) માર્ચ-એપ્રિલ

(2) દરિયાકિનારે માછીમારના વ્યવસાય કરતા લોકો માટે નીચેનામાંથી કઈ બાબત ખોટી છે ?

(A) વર્ષમાં આઠ માસ જેટલો સમય માછીમારી કરી શકાય છે.

(B) આ વ્યવસાય જોખમી છે.

(C) દરિયાઈ પ્રદૂષણ વધવાથી માછલીઓ માટે દરિયામાં દૂર સુધી જવું પડે છે.

(D) આ વ્યવસાયમાં બારેમાસ આવક મળે છે.

(3) ગામડાના લોકો માટે સૌથી મહત્ત્વનું જીવનનિર્વાહનું સાધન કયું છે ?

(A) સરકારી નોકરી (B) ખેતી (C) ઉદ્યોગો (D) બધું જ સાચું

- **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) તમારા ગામ/શહેરનો ઈતિહાસ જાણવા તમે કયા-કયા ઈતિહાસના સ્રોતનો ઉપયોગ કરશો ?

(2) પ્રાચીન ભારતમાં મહત્ત્વનાં પુરાતન સ્થળો વિશે જણાવો ?

(3) સિંધુખીણ સભ્યતાને આપણે હડપ્પીય સભ્યતા તરીકે કેમ ઓળખીએ છીએ ?

(4) ગણરાજ્ય શાસનવ્યવસ્થાનું પ્રમુખ લક્ષણ જણાવો ?

(5) કયા ત્રણ મહાનુભાવોએ અહિંસાનો ઉપદેશ આપેલ હતો ?

(6) નાલંદા વિદ્યાપીઠની શરૂઆત કોના સમયમાં થઈ હતી ?

(7) અયનવૃત્તો કોને કહેવાય ?

(8) તમે સરકારનાં કયાં-કયાં અંગો વિશે જાણો છો ?

(9) તમારા ગામ/શહેરની ઉત્તર દિશામાં આવેલા ગામ/શહેરનું નામ જણાવો ?

(10) કલેક્ટર પાસે બીજી કઈ-કઈ જવાબદારી હોય છે ?

• • •